



પત્રકાર સ્નેહમિલન - મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે રાજ્યના પત્રકારોને નવા વર્ષ નિમિત્તે નિમંત્ર્યા હતા. ગતિશીલ ગુજરાતના લક્ષ્ય-લક્ષ્યાંકોના ટૂંકા સંબોધન બાદ સૌ પત્રકારોને વ્યક્તિગત અમે સમુહમાં નૂતન વર્ષ નિમિત્તેની શુભેચ્છાઓનું આદાન-પ્રદાન કર્યું હતું. રાજ્યમંત્રીમંડળના મંત્રીઓ સહિત પત્રકારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પબ્લીક પ્લેસ પર કમેરા લગાડવા ૩૦ ટકા ખર્ચની રાહત મળશે

## સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અતર્ગત ૩૦ ટકા ખર્ચ તેની ગ્રાન્ટમાંથી આપવા નિર્ણય લેવાયો : સુરક્ષા અને સલામતી માટે ખુબ જ મહત્વનો નિર્ણય

ગાંધીનગર, તા. ૭

વિવિધ પબ્લીક પ્લેસ પર કે જ્યાં નાગરીકોની ખુબ જ અવર-જવર રહેતી હોય છે તેવા વિસ્તારોમાં સીસીટીવી કેમેરા ગુનાખોરી અટકાવવા માટે તથા ગુનેગારો સુધી પહોંચાડવા માટે ખુબ જ આશિર્વાદરૂપ સાબિત થઈ શકે છે. જેને પગલે ગાંધીનગરના વિવિધ પબ્લીક પ્લેસ પર સીસીટીવી કેમેરા લગાડવા માટે સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ૩૦ ટકા ખર્ચની રકમ સુરક્ષા સેતુની ગ્રાન્ટમાંથી આપવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગાંધીનગરના શોપીંગ કોમ્પ્લેક્ષો, શાકમાર્કેટ, શોપીંગ માર્કેટ, રહેણાંક સોસાયટીઓ તથા પબ્લીક પાર્કીંગ પ્લેસ સહિતના પબ્લીક પ્લેસ પર સીસીટીવી કેમેરા લગાડી દેવામાં આવે તો મોટા ભાગના ક્રાઈમ પર અંકુશ આવી જાય અને જો આવા વિસ્તારોમાં કદાચ ક્રાઈમ થાય તો પણ આરોપીને સહેલાઈથી પકડી શકાય તેમાં બે મત નથી. સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત આવા પબ્લીક પ્લેસ પર સીસીટીવી કેમેરા ઈન્સ્ટોલેશન થાય તે હેતુસર ૩૦ ટકા ખર્ચ સુરક્ષા સેતુની ગ્રાન્ટમાંથી આપવા નક્કી કરવામાં આવ્યું છે. જેને પગલે હવે ૭૦ ટકા ખર્ચ કરીને પબ્લીક પ્લેસ કેમેરાથી સજ્જ કરી શકાશે.




કોંગ્રેસનું સ્નેહ સંમેલન - સ્નેહ સંમેલનની સીઝન પુરબહારમાં ચાલે છે... ત્યારે કોંગ્રેસનું સ્નેહ સંમેલન પણ ઉષ્માભર્યા વાતવરણમાં ટાઉનહોલ ખાતે યોજાઈ ગયું. જિલ્લાના ખૂણે-ખૂણેથી સંનિષ્ઠ કોંગ્રેસીજનો નેતાઓની શુભેચ્છાઓ પ્રાપ્ત કરવા પધાર્યા હતા. નેતાઓએ પણ કોંગ્રેસની નીતિ-રીતિ અને વર્તમાન રાજકીય પરિસ્થિતિ પર શુભેચ્છા સાથે વિચારો વ્યક્ત કર્યા હતા.

# સ્વર્ણિમ પાર્કના કોર્નરમાં માઉન્ટ એન્ડ પોન્ડ આકર્ષણ જમાવશે

## લો-બાઈંગ એરિયામાં હરિયાળી લોન વચ્ચે નાના તળાવમાં પાણી ભરાશે

ગાંધીનગર, તા. ૭

સ્વર્ણિમ પાર્કને નિખારતા આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. નવેમ્બર મહીનાના અંત સુધીમાં પાર્કની કામગીરી પૂર્ણ થઈ જશે. 'ચ' માર્ગ સામે બી.એસ.એન.એલ.ની



ઓફિસ સામેના મેદાનમાં પણ લૉ-લાઈંગ એરિયા તૈયાર કરવામાંમ આવી રહ્યો છે. જેના અંતે હરિયાળી લોન વચ્ચે પાણીના ભરાવા માટે ઢોળાવ પણ બનાવવામાં આવી રહ્યો છે.

શહેરના મધ્ય વિસ્તારમાં આકર્ષણનું કેન્દ્ર બનતા સ્વર્ણિમ પાર્કને અનુલક્ષી હાલ ઘ-૪ થી ચ-૪ વિસ્તારમાં પૂરજોશમાં કામ ચાલી રહ્યુંછે. આ વિસ્તારમાં વિવિધ પ્રકારના પ્લાઝા, હરિયાળા ઉદ્યાન, પ્લાન્ટેશન, વોકવે તેમજ વોટરબોડીનું કામ મોટાભાગનું પૂર્ણ કરી દેવાયું છે. સૂત્રોના જણાવ્યા મુજબ આગામી વાઈબ્રન્ટ સમિટ પૂર્વે સ્વર્ણિમ પાર્કની રોનક નિખરે તે મુજબનું આયોજન કરવામાં આવ્યું છે. સ્વર્ણિમ પાર્કની મોટાભાગની કાર્યયોજના પૂર્ણ કરી દેવાઈ છે. ત્યારે હાલ પાર્કને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ફીનીસીંગ સ્ટેજની કામગીરી દરમિયાન સ્વર્ણિમ પાર્કના કોર્નર પર 'ચ' માર્ગ પાસે બી.એસ.એન.એલ. ઓફિસની સામેના મેદાનમાં હાલ ખોદકામ હાથ ધરવામાં આવ્યું છે. આ વિસ્તારમાં હરિયાળી લોન ઉછેરવાની સાથે સ્વોપીંગ લોન સાથે નાનકડુ પોન્ડ પણ બનાવાશે જ્યારે ચોમાસા દરમિયાન પણ લોનને પાણી જાળવણી સામે મીની પોન્ડમાં પાણી ભરાશે. આ લો-લાઈંગ એરિયા પણ સહેલાણીઓમાં આકર્ષણનું કેન્દ્ર બનશે.

# મિશ્ર ૠતુમાં શરદી-ખાંસીના દર્દીઓ વધ્યા

## બેવડી ૠતુના કારણે મચ્છરોનો ઉપદ્રવ વાયરલ ઈન્ફેક્શનના દર્દીઓની સંખ્યામાં વધારો

ગાંધીનગર, તા. ૭

હજુ શિયાળો પૂર્ણપણે શરૂ થયો નથી. દિવસે ગરમી અને રાત્રે ઠંડીનો અનુભવ થાય છે. બેવડી ૠતુમાં બીમારીઓ વધી છે. શરદી, ખાંસી, તાવ અને મચ્છર જન્ય રોગચાળો છેલ્લા કેટલાક દિવસોથી વધ્યો છે.

ચોમાસા બાદ હજુ શિયાળો પૂર્ણપણે શરૂ થયો નથી. દિવસ વહેલો આથમી જાય છે. દિવસ ટુંકો અને રાત લાંબી થતી જાય છે. દિવસે હજુ તાપમાન ઉંચુ રહે છે. છેલ્લા ઘણા દિવસોથી મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રીની આસપાસ જ રહે છે. તેના કારણે દિવસે ગરમીનો અનુભવ થાય છે. તડકો પણ આકરો લાગે છે. જો કે સાંજ પડ્યા બાદ ધીમે ધીમે ઠંડકનો અનુભવ થવા માંડે છે. ક્યારેક રાત્રે પવનની ગતિ વધતા ઠંડા પવનના કારણે ઘણીવાર રાત્રે પંખા બંધ કરવા પડે છે. મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ઘણો તફાવત જોવા મળે છે. મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રીની આસપાસ તો લઘુત્તમ ૧૯-૨૦ ડિગ્રીની આસપાસ રહે છે. શુક્રવારે મહત્તમ તાપમાન ૩૩.૮ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૧૯.૦૦ ડિ.સે. નોંધાયું હતું. મહત્તમ અને લઘુત્તમના આ તફાવતને કારણે રોગચાળો વકર્યો છે.

સરકારી અને ખાનગી તબીબોને ત્યાં દર્દીઓની લાંબી લાઈન જોવા મળી રહી છે. મુખ્યત્વે શરદી, ખાંસી તાવ અને ગળામાં દુઃખાવાની ફરિયાદ લઈને આવતા દર્દીઓની સંખ્યા સૌથી વધુ છે. વાયરલ ઈન્ફેક્શન અને શ્વાસને લગતા રોગોના દર્દીઓ વધ્યા છે. મચ્છરોનો ઉપદ્રવ પણ હજુ જોવા મળે છે. વાયરલ ઈન્ફેક્શનના કારણે પણ દર્દીઓ પરેશાન થઈ રહ્યા છે.

# ગુણવત્તાયુક્ત કપાસના મબલખ પાક ઉત્પાદન સામે ખેડૂતોને નુકશાન

## વેપારીઓ નીચા ભાવે ખરીદી કરે છે સી.સી.આઈ. બજારમાંથી પાક ખરીદે તેવી કીસાન સંઘને માંગ

ગાંધીનગર, તા. ૭

ખેડૂતો પુષ્કળ ખર્ચ કરીને કપાસના ગુણવત્તાયુક્ત પાકનું ઉત્પાદન કરે છે. ત્યારે વેપારીઓ નીચા ભાવથી ખરીદી કરીને ખેડૂતોને આર્થિક નુકશાન કરાવતા હોવાનો આક્રોશ ઉદ્‌ભવ્યો છે. કપાસના પાકની આવકને ધ્યાને લઈ સી.સી.આઈ. દ્વારા બજારમાંથી પાક ખરીદે તેવી પ્રબળ માંગ ભારતીય કીસાન સંઘે ઉઠાવી છે. આ મામલે સંઘ દ્વારા આંદોલનની રાવ અપનાવવા પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. ભારતીય કીસાન સંઘના પ્રદેશ મહામંત્રી મણીભાઈ પટેલે આ અંગે રજુઆતમાં જણાવ્યા અનુસાર વર્તમાન સીઝનમાં ગુજરાત રાજ્યમાં કપાસનો પાક પુર જોશમાં બજારમાં આવી રહ્યો છે. માર્કેટમાં વધારે પડતી કપાસને આવકનો લાભ લઈને ખરીદનાર વેપારી નીચા ભાવથી ખરીદી કરીને ખેડૂતને નુકશાનમાં ઉતારી રહ્યા છે. કપાસ એ ગુજરાતનો મુખ્ય પાક છે. ગુજરાતના ખેડૂતો ભારત દેશમાં વધારે ગુણવત્તાવાળા કપાસ માટે ખેડૂત બેન્કો પાસેથી કર્જ કરીને નાણાં લઈ પુષ્કળ પ્રમાણમાં ખર્ચ કરીને સારી ગુણવત્તાવાળો કપાસ પકવે છે. ત્રણ વર્ષ પહેલાં ચીનની ખરીદીને કારણે ગાંસડીના ૬,૦૦૦ થી ૬૫,૦૦ મળ્યા હતા. પરંતુ છેલ્લે બે વર્ષથી દિવસે દિવસે ભાવ ઘટતા જાય છે.

ભારતીય કિસાન સંઘે રૂબરૂ મુખ્યમંત્રીને મળીને તથા ભારત સરકારમાં પત્ર લખીને આ અંગે રજુઆતો કરી છે. સી.સી.આઈ. દ્વારા જો તાત્કાલિક ખરીદી બજારમાંથી ચાલુ કરવામાં આવે તો બજારમાં ખેડૂત લુંટાતો અટકે અને બજારમાં ભાવમાં વધારો થાય સી.સી.આઈ. દ્વારા ખરીદાયેલ કપાસ જીનીંગ થયા પછી ગાંસડી બાંધીને એક વર્ષ માટે એક લાખ ગાંસડીનો સ્ટોક કરવામાં આવે તો જ ખેડૂતને કંઈક ભાવ મળે તેમ ભારતીય કિસાન સંઘ આ માટે તમામ સ્તરે રજુઆત કરવા માટે સતત પ્રયત્નશીલ છે. જરૂર પડે દબાણ ઉભુ કરવા માટે આંદોલન દ્વારા પણ આ પ્રશ્નને વાચા આપવા માટે ભારતીય કિસાન સંઘ વિચારી રહ્યુ છે. ટુંક સમયમાં આ અંગે નિર્ણય લઈને સરકારને જાણ કરવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.

॥ માતૃ દેવો ભવઃ ॥
છઠ્ઠી વાર્ષિક પૂણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. ચંદ્રિકાબેન મૂળુભા મકવાણા
સ્વર્ગવાસ તા. ૮-૧૧-૨૦૦૮, મગુના
પ્રાર્થના અને પુષ્પાંજલી : સમય : સવારે ૯-૦૦થી ૧૧-૩૦

છોડેગે ન હમતેરા સાથ ઓ સાથી રે... રે...
મરતે દમ તક
મરતે દમ નહી અગલે જનમ તક
અગલ જનમ નહી સાત જનમ તક
સાત જનમ નહી જનમજનમ તક
ઓ સાથી રે તેરે બીના ભી ક્યાં જીના
જલ દિલ હી ટૂટ ગયા અબ જીકે ક્યા કરે
- મૂળુભા મકવાણા

હે મા, તેરી સુરત સે અલગ ભગવાન કી સુરત ક્યા હોગી પહેલા આંસુ આવતા તો મમ્મી યાદ આવતી, આજે મમ્મી યાદ આવતા આંસુ આવી જાય છે. આંસુની કોઈ ભાષા હોય તો તે ભાષામાં કહીએ વિરહની કોઈ લીપી હોય તો તે લીપીમાં કહીએ, જગતની સઘળી મિલકતો મળે, પણ કલ્પવૃક્ષની તમારી છાયા ક્યાંય નહીં મળે.
શૈલેષ અને અલ્પેશ - પુત્રો

જનેતા કરતાં વધારે પ્રેમ આપ્યો અને હવે વસમી વિદાય અસહ્ય બની, કેવળ આપની યાદોનો સંગાથ રહ્યો, વિદાય લીધી તમે અણધારી હરપળ થાય સ્મૃતિ આપની. દિકરીને ગાય દોરે ત્યાં દારોય, માતા વિના સુનો સંસાર, હે પ્રભુ અર્પિએ આપને અશ્રુભીની શ્રદ્ધાંજલિ...
મનિષા - પુત્રી તથા મમતા અને પિનલ - પુત્રવધુ

તમારા થકી લાડકોડથી મોટા થયા એ જ સ્નેહ અને પ્રેમ ક્યારે મળશે અમને, જીવનભર તારા આર્શિવાદ મળતા રહે તેવી પ્રાર્થના... પ્રભુ તમારા આત્માને શાંતિ આપે...
યશરાજ, નીલરાજ (જોન્ટી-મોન્ટી) - પૌત્ર સ્તુતી (પંછી) - પૌત્રી

પ્લોટ નં. ૩૧૯/એ/૨, સેક્ટર નં.૮, આસોપાલવ સોસાયટી, 'ચંદ્રભુમિ', ગાંધીનગર
ફોન ઘર : ૨૩૨૪૦૯૨૯, મો. ૯૪૨૮૮૦૫૬૨૮, ગાંધીનગર



ટ્રાફીક ઝુંબેશ - ગાંધીનગર શહેરમાં આજકાલ ટોક-ઓફ - ધ ટાઉન બનેલ ટ્રાફીક ઝુંબેશ દિન-પ્રતિદિન અનુશાસનનો માહોલ સર્જે છે... આપણા સમાજમાં ટ્રાફીક સેન્સની ઘણી ઉણપ વર્તાય છે... અથવા તો જાણી જોઈને બહાદુરી બતાવાય છે... પરંતુ આવી હરકતો ટ્રાફીક વ્યવસ્થા માટે અવરોધક બને છે... સૌ વાહનચાલકો ટ્રાફીકના તમામ નિયમોનું ચૂસ્તપણે પાલન કરે તો મોટાભાગની સમસ્યાઓ આપોઆપ હલ થઈ જાય... જરૂર છે માત્ર શરૂઆતની.... તો ચાલો એ શરૂઆત આપણાથી જ કરીએ....

# છતીસગઢના વાહન વ્યવહાર કમિશનરે આર.ટી.ઓ. કચેરીની મુલાકાત લીધી

## ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક સહીતની અદ્યતન વ્યવસ્થાનો અભ્યાસ કર્યો

ગાંધીનગર, તા. ૭

છત્તીસગઢના વાહન વ્યવહાર કમિશનરે આજે આર.ટી.ઓ. કચેરીની મુલાકાત લીધી હતી. તેઓ હાઈટેક આર.ટી.ઓ. કચેરીઓ સ્થિત ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક જોઈને પ્રભાવિત થયા હતા. છતીસગઢમાં પણ આ પ્રકારનો ટ્રેક બનાવવાની તેમણે તૈયારી દર્શાવી હતી.

છતીસગઢના વાહન વ્યવહાર કમિશનર તેમજ ડેપ્યુટી કમિશનરે આજે ગાંધીનગર સ્થિત હાઈટેક આર.ટી.ઓ. કચેરીની મુલાકાત લીધી હતી. ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક સહીતની સુવિધાઓનો અભ્યાસ કર્યો હતો. જ્યારે ગુજરાતની પ્રથમ મોડેલ આર.ટી.ઓ. કચેરીની જેમ છતીસગઢમાં પણ અદ્યતન ટ્રેક સહીતની સુવિધાઓ ઉભી કરવા તૈયારી દર્શાવી હતી. નરેન્દ્ર મોદી પી.એમ. બન્યા બાદ ભાજપ શાસિત રાજ્યોએ ગુજરાત મોડેલ અપનાવી વિકાસના મામલે નવુ વિઝન કેળવ્યું છે. ત્યારે ગાંધીનગરની આર.ટી.ઓ. કચેરી પણ મોડેલ સ્વરૂપ હોવાથી અન્ય રાજ્યોમાં પણ હાઈટેક વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવશે. છતીસગઢમાં પણ આર.ટી.ઓ. તંત્ર ગાંધીનગરની મોડેલ કચેરીની માફત અદ્યતન બનાવાશે. છતીસગઢના અધિકારીઓ આર.ટી.ઓ. કચેરીની અદ્યતન સુવિધાઓનો અભ્યાસ કરી પ્રભાવિત થયા હતા.

# આશા પારેખ આનંદીબેનની મુલાકાતે

ગાંધીનગર, તા. ૭

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની આજે હિન્દી ચલચિત્ર જગતના સિને તારીકા સુશ્રી આશા પારેખે સૌજન્ય મુલાકાત લીધી હતી. ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે શ્રીમતી આનંદીબહેન પટેલે મહિલા સશક્તિકરણના જે અનેકવિધ પ્રયોજનો-કાર્યક્રમો સફળતાપૂર્વક હાથ ધર્યા છે તે માટે સુશ્રી આશા પારેખે આનંદની લાગણી વ્યક્ત કરી હતી. શ્રીમતી આનંદીબહેન સાથેની આ મુલાકાત દરમ્યાન તેમણે સ્વચ્છતા અભિયાન, ઘર શૌચાલય નિર્માણ અને નારી સશક્તિકરણના વિવિધ કાર્યોમાં સહયોગની તત્પરતા વ્યક્ત કરી હતી.

યાવરપુરા ગ્રામ પંચાયત તા. ધાનેરા

પરમાર નોનજીભાઈ નરસુંગજી - સભ્યશ્રી
ચૌહાણ અરજણભાઈ બબાજી - સભ્યશ્રી
રબારી આઈદાનભાઈ સવાજી - સભ્યશ્રી
પરમાર રગાબેન રગાજી - સદસ્યા
ચૌહાણ જેબરબેન જેન્તીભાઈ - સદસ્યા

નારખાનજી માસાજી ચૌહાણ
સરપંચશ્રી

બી. એ. ગઢવી
તલાટીશ્રી

શુભેચ્છા સહ
બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
''બનાસડેરી'', પો.બો. નં. ૨૦, પાલનપુર - ૩૮૫૦૦૧.
સંપર્ક : લેન્ડલાઈન ૦૨૭૪૨-૨૫૩૮૮૧ થી ૨૫૩૮૮૫
ઈપીએબીએક્સ ૯૪૦૮૭૦૦૫૫૫ અને ૦૯૪૦૮૭૦૦૩૩૩
વેબસાઈટ : www.banasdairy.coop

જિલ્લાના લગભગ સવા ત્રણ લાખ કરતાં પણ વધુ દૂધ ઉત્પાદક પરિવારોનું બનાસકાંઠા જિલ્લાનું સૌથી મોટું સહકારી ઔદ્યોગિક સાહસ કે જે દૂધ સંપાદનમાં એશિયાની સૌથી મોટી જિલ્લા સહકારી ડેરી તરીકે ખ્યાતિ ધરાવે છે અને નિયમિત સવાર-સાંજ દૂધ ઉત્પાદકો જોડેથી દૈનિક આશરે પચ્ચીસ લાખ લીટર કરતાં પણ વધારે દૂધ એકઠું કરી વિશ્વ પ્રસિદ્ધિ અને ગુણવત્તામાં સદા અગ્રેસર એવી "અમુલ" તથા સંલગ્ન બ્રાન્ડ હેઠળ દૂધ તથા દૂધની બનાવટોનું ઉત્પાદન કરે છે. દૂધ ઉત્પાદકો, વિતરકો, કર્મચારીઓ, કોન્ટ્રાક્ટરોના બનેલા પોતાના વિશાળ બનાસ પરિવાર માટે નિયમિત આજીવિકા પુરી પાડવાનું અને દેશ વિદેશમાં વસતા પોતાના ગ્રાહકોને વ્યાજબી ભાવે ઉત્તમ ગુણવત્તાવાળા દૂધ ઉત્પાદનો દ્વારા ઉત્તમ પોષણ પુરૂં પાડવાનું શ્રેષ્ઠ કાર્ય કરતી એક અજોડ સહકારી સંસ્થા તરીકે ઈ.સ. ૧૯૬૯ થી કાર્યરત છે.

ઉત્પાદનો :-
૧. પ્રવાહી દૂધ - અમૂલ શક્તિ, અમૂલ ગોલ્ડ, અમૂલ તાજા પેશ્ચ્યુરાઈઝ્ડ દૂધ
૨. ઘી-અમુલ, સાગર, બનાસ, ગાયનું શુદ્ધ ઘી ૩. આઈસ્ક્રીમ ૪. છાશ (બટર મિલ્ક)
૫. પનીર ૬. ચીઝ
૭. દૂધનો પાવડર - એસ.એમ.પી. પાવડર, અમૂલ્યા પાવડર, સાગર ટી એન્ડ કોફી વ્હાઈટનર, મીઠાઈ મેકર પાવડર, હોલ મિલ્ક પાવડર.
૮. યુ.એચ.ટી. પ્રવાહી દૂધ ૯. અમુલ કુલ (ફ્લેવર્ડ મિલ્ક)

સેવાઓ :-
૧. દૂધ ઉત્પાદકોના મોંઘા પશુધન માટે ૨૪ કલાક વેટરનરી સેવાઓ
૨. દૂધ ઉત્પાદકોને વૈજ્ઞાનિક/વ્યવસાયિક ઢબે પશુ ઉછેર, પશુ માવજત, મશુ પોષણ માટે સતત વૈજ્ઞાનિક તાલીમ અને માર્ગદર્શન
૩. બ્રિડીંગ સેવાઓ - દામા ખાતે અદ્યતન સીમેન પ્રોડક્શન યુનિટ વૈજ્ઞાનિક તાલિમ માર્ગદર્શન
૪. સતત પશુ સુધારણા કાર્યક્રમો - એફ.આઈ.પી., પી.ઈ.પી., કાંકરેજી ગાય, મહેસાણી ભેંસ તથા શંકર ગાય માટે પશુસંવર્ધન અને ઓલાદ સુધારણા કાર્યક્રમો
૫. સતત સહકાર વિકાસ કાર્યક્રમ
૬. વ્યાજબી ભાવે સમતોલ પોષ્ટિક પશુઆહાર, બનાસદાણ, બનાસ બાયપાસ પ્રોટીન દાણ, બાયપાસ ફેટ

સિદ્ધિઓ :-
- દૂધ સંપાદનમાં એશિયાની સૌથી મોટી સહકારી ડેરી
- સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝ્ડ અત્યાધુનિક ઓટોમેટીક ડેરી પ્લાન્ટ - બનાસ-૨, બનાસ-૩ તથા ૧૦૦ મે.ટન પાવડર પ્લાન્ટ, ૧૦૦૦ મે.ટન કેટલફીડ પ્લાન્ટ કાતરવા
- આઈ.એસ.ઓ. ૯૦૦૧ અને આઈ.એસ.ઓ. ૨૨૦૦૦ (એફ.એસ.એમ.એસ.) પ્રમાણિત
- રાષ્ટ્રીય ઉત્પાદકતા એવોર્ડ વિજેતા સને ૧૯૯૨-૯૩, ૧૯૯૩-૯૪, ૧૯૯૬-૯૭, ૧૯૯૭-૯૮, ૧૯૯૯-૨૦૦૦, ૨૦૦૦-૨૦૦૧, ૨૦૦૧-૨૦૦૨, ૨૦૦૩-૨૦૦૪, ૨૦૦૪-૨૦૦૫ અને ૨૦૦૫-૨૦૦૬.
- રાજીવ ગાંધી નેશનલ ક્વોલીટી એવોર્ડ ૨૦૦૮ અને ૨૦૧૧ (કમેન્ડેશન સર્ટીફિકેટ) વિજેતા.

બનાસડેરી તેના ગ્રાહકોની જરૂરીયાતો અને અપેક્ષાઓ પરીપૂર્ણ કરવા હંમેશા વચનબદ્ધ છે.

(સંજય કરમચંદાની) મેનેજીંગ ડીરેક્ટર
(જોરાભાઈ વી. દેસાઈ) વાઈસ ચેરમેન
(પરથીભાઈ જી. ભટોળ) ચેરમેન
નિયામક મંડળના સભ્યશ્રીઓ અને બનાસ પરિવાર

જાહેરાત

ખેડૂતભાઈઓ માટે ખુશખબર
વેપારીભાઈઓ માટે ખુશખબર

ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ પાલનપુરના બજાર વિસ્તાર તેમજ આજુબાજુના વિસ્તારમાં કપાસનું વાવેતર કરી કપાસ પકવતા ખેડૂતભાઈઓને નજીકમાં કપાસના વેચાણ કરવાનો લાભ મળે તે માટે અલગથી કપાસશેડમાં તા. ૧૧/૧૧/૨૦૧૪ને મંગળવારના રોજ કપાસની ખુલ્લી હરાજી શરૂ કરી ખરીદ વેચાણનું કામકાજ શરૂ કરવામાં આવશે. તો દરેક ખેડૂતભાઈઓ તથા રસ ધરાવતા વેપારીભાઈઓએ ખરીદ-વેચાણનો લાભ વિનંતી છે.

જાલમભાઈ જી. પટેલ - સેક્રેટરી
પરસોત્તમભાઈ ડી. પટેલ - વા. ચેરમેન
વિરજીભાઈ ડી. જુડાલ - ચેરમેન

ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, પાલનપુર
સરદાર વલ્લભભાઈ પટેલ માર્કેટયાર્ડ, ડેરી રોડ, પાલનપુર, જી. બનાસકાંઠા. ફોન નં. ૨૫૫૦૭૧

LED, LCD & Colour TV
રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

SANGHI CEMENT
Kisan
ashirvad C. PVC, UPVC
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com